અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોલુંદરા ગામે શ્રીકૃષ્ણાશ્રમે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પાર્થેશ્વર શિવલિંગની પૂજા થઈ રહી છે, જેમાં આજે શ્રાવણ માસના સોમવારે નાગપાશ પાર્થેશ્વરની પૂજા-અર્ચના કરવામાં આવી હતી. અહીં અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસના સાનિધ્યમાં રોજ વિવિધ પાર્થેશ્વર શિવલિંગની પૂજા થઈ રહી છે.

# હાર્દિક પટેલ ૨૫મીએ ઘરેથી ઉપવાસ આંદોલન આરંભશે

**રાજ્ય સરકાર અને તંત્રના આકરા વલણને લઇને હાર્દિક પટેલ તેના ઉપવાસ આંદોલન પહેલાં બેકફુટ પર પહોંચ્યો**

અમદાવાદ, તા.૨૦

આગામી તા.૨૫ ઓગસ્ટના રોજ પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલે આમરણાંત ઉપવાસ કરવા માટે અમદાવાદના નિકોલની ગ્રાઉન્ડ મંજૂરી પોલીસ સમક્ષ માંગી હતી. પરંતુ પોલીસે મંજૂરી નહી આપતા અંતે આંદોલનના પાંચ દિવસ પૂર્વે હાર્દિક પટેલે હવે પોતાના ઉપવાસનું સ્થળ બદલીને અમદાવાદને બદલે ગાંધીનગરના સેક્ટર-૬માં આવેલા સત્યાગ્રહ છાવણીની મંજૂરી માંગી છે. જો તેને ત્યાં પણ મંજૂરી નહીં આપવામાં આવે તો તે ઘરેથી જ ઉપવાસ કરશે, તેવી તેણે જાહેરાત કરી છે. જેને લઈ હાર્દિકના વૈષ્ણોદેવી વિસ્તારમાં આવેલા ફાર્મ હાઉસ છત્રપતિ નિવાસ નામના નિવાસસ્થાને ઉપવાસ આંદોલનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બીજીબાજુ, હાર્દિકે સ્પષ્ટ કરી દીધી છે કે, જો કયાંય મંજૂરી નહી મળે તો, હું મારા ઘરેથી જ ઉપવાસ આદરીશ અને તે માટે કોઈ સત્તાધીશોની મંજૂરીની જરૂર નથી. પાટીદારોને અનામત અને ખેડૂતોના દેવામાફીની માંગ કરનાર હાર્દિક પટેલને ઉપવાસ આંદોલનની મંજૂરી નહી આપીને એક રીતે પોલીસ તંત્ર અને રાજય સરકાર તેના પ્લાનમાં સફળ થઇ હોય તેવું હાલ તો જણાઇ રહ્યું છે. તંત્ર અને સરકારના આકરા વલણને લઇ હાર્દિક પટેલ તેના ઉપવાસ આંદોલન પહેલાં જ બેકફુટ પર આવી ગયો હોય તેમ જણાઇ રહ્યું છે. કારણ કે, થોડા દિવસ પહેલા હાર્દિક પટેલે અમદાવાદના નિકોલમાં ઉપવાસની મંજૂરી ન મળે તો પણ કોઈપણ ભોગે આ જ સ્થળે આમરણાંત ઉપવાસ પર બેસવાની ચીમકી આપી હતી. ગાંધીનગર પાસના કન્વીનર ઉત્પલ પટેલે હાર્દિક પટેલના ઉપવાસ માટે કલેક્ટર પાસે મંજૂરી માંગી છે, અને જો કલેક્ટર દ્વારા મંજૂરી આપવામાં નહીં આવે તો રાજયપાલ સમક્ષ રજૂઆત કરવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી હતી. આ દરમ્યાન ગાંધીનગર કલેક્ટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, હાર્દિક પટેલને ગાંધીનગરમાં ઉપવાસ માટે મંજૂરી આપવી કે નહીં, તે બાબતે પોલીસ રિપોર્ટના આધારે નિર્ણય લેવામાં આવશે. આ પહેલા તેણે આમરણાંત ઉપવાસના માટે નિકોલમાં આવેલા પ્લોટની મંજૂરી માટે અમદાવાદના મ્યુનિસિપલ અને પોલીસ કમિશનર સાથે રૂબરૂ મળીને આ અંગે રજૂઆત કરી હતી. જોકે આમ છતાં તેને કોઈપણ ગ્રાઉન્ડની મંજૂરી આપવામાં આવી નહોતી. અમદાવાદના નિકોલમાં પોતાના ઉપવાસ આંદોલન માટે હાર્દિકે કોર્પોરેશનના પ્લોટની ફાળવણી અંગે અરજી કરી હતી. જેમાં નિકોલના મેદાનની માંગ કરી હતી. પરંતુ કોર્પોરેશને તેને પાર્કિંગ પ્લોટ જાહેર કરી દીધો હતો. ત્યારે હાર્દિકે ઉપવાસ માટે અન્ય પ્લોટ મેળવવા અને મંજૂરી માટે અમદાવાદના મેયરને પાસ મારફતે અરજી કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અનામત આંદોલન કરનાર પાસ લીડર હાર્દિક પટેલે આમરણાંત ઉપવાસ આંદોલનની જાહેરાત બાદ ૫૦થી પણ વધુ દિવસ પહેલા કોર્પોરેશનના પ્લોટની ફાળવણી અંગે અરજી કરવામાં આવી હતી, પરંતુ તે ફાળવવામાં આવ્યો ન હતો. હવે કયાંય મંજૂરી નહી મળતાં હાર્દિક પટેલે તેના ઉપવાસનું સ્થળ બદલી ગાંધીનગર સત્યાગ્રહ છાવણીના મેદાનમાં મંજૂરી માંગી છે અને સત્તાવાળાઓ દ્વારા મંજૂરી અપાય છે કે નહી તેની રાહ જોવાઈ રહી છે. આ બધી અડચણો અને રાજકીય અંતરાયો વચ્ચે હાર્દિક પટેલે જો કયાંય મંજૂરી નહી અપાય તો, પોતાના નિવાસસ્થાનેથી ઉપવાસ આંદોલન કરવાની જાહેરાત કરી હતી, જેને લઈ હવે પોલીસ તંત્ર અને વહીવટી સત્તાધીશો અલગ રણનીતિ તૈયાર કરવામાં જોતરાયા છે.

## અટલજીની સ્મૃતિમાં વરસોડામાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૨૦

શ્રેયસ ગ્રામ વિકાસ ટ્રસ્ટ (પેથાપુર)મા પ્રમુખ ઘનશ્યામસિંહ પી. ચાવડા દ્વારા યુવતીઓ તથા બાલિકાઓ તથા કાર્યકરો દ્વારા પર્યાવરણનું મહત્વ આજની યુગની તાતી જરૂર હોઈ તથા આપણા પ્રાણ પ્યારા 'ભારત રત્ન' અટલજીની યાદમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેની સ્મૃતિ કાયમ યાદ રહેશે.

## ગજ્જર સુથાર સમાજ દ્વારા ૧૨મો સમુહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૨૦

ગજ્જર સુથાર સમાજ ગુજરાતનો આગામી ૧૨મો સમુહ લગ્નોત્સવ ધર્મજ જલારામ મંદિર ખાતે યોજાશે. સમુહ લગ્નોત્સવમાં ભાગ લેનારા યુવક-યુવતીઓને સ્થળ પર જ લગ્ન નોંધણી પ્રમાણપત્ર, કુંવરબાઈના મામેરૂ, સાતફેરા સમૂહલગ્નની સહાય માટે કાર્યાલય પરથી ફોર્મ વેળાસર ભરી દેવાના રહેશે. સમૂહ લગ્નોત્સવમાં જોડાનાર યુગલને ૫૦ થી ૬૦ ચીજવસ્તુઓ દાતા તરફથી ભેટ મળશે.

સમુહ લગ્નોત્સવમાં જોડાનારને મરીમાતાનો ખાંચો, દાંડીયા બજાર, ચાર રસ્તા પાસે વડોદરાથી ફોર્મ મળશે. વધુ માહિતી માટે ચંદ્રકાંત મિસ્ત્રી ફોન નં.૦૨૬૫૨૪૧૬૧૬૧ પર સંપર્ક સાધવાનો રહેશે.

# થાવર સ્ટેટ ટેક્ષ મોબાઈલ સ્કોર્ડના ઈન્ચાર્જ રાજય વેરા અધિકારીની અટકાયત

ધાનેરાની થાવર ચેક પોસ્ટથી ગાંધીનગર એસીબીની ટીમે બે દિવસ અગાઉ એસ. આર. પી. કોન્સ્ટેબલ તથા બે સ્ટેટ ટેક્ષ ઈન્સપેકટરોની લાંચ કેસમાં અટકાયત કરવામાં આવી હતી.જેની તપાસ બનાસકાંઠા એસીબીને સોંપવામાં આવી હતી. જેમાં થાવર સ્ટેટ ટેક્ષ મોબાઈલ સ્કોર્ડના ઈન્ચાર્જ રાજય વેરા અધિકારીની સંડોવણી ખુલતાં રવિવારે બનાસકાંઠા એસીબી પીઆઈએ તેમની અટકાયત કરતાં ચકચાર મચી જવા પામી છે.

ધાનેરાની થાવર ચેક પોસ્ટથી ગાંધીનગર એસીબીની ટીમે બે દિવસ અગાઉ એસ. આર. પી. કોન્સ્ટેબલ તથા બે સ્ટેટ ટેક્ષ ઈન્સપેકટરોની લાંચ કેસમાં અટકાયત કરવામાં આવી હતી.જેની તપાસ બનાસકાંઠા એસીબી પીઆઈ કે. જે. પટેલને સોંપવામાં આવી હતી. જેમાં થાવર સ્ટેટ ટેક્ષ મોબાઈલ સ્કોર્ડના ઈન્ચાર્જ રાજય વેરા અધિકારી સુધીર શાહની દેખરેખ હેઠળ આ મોબાઈલ સ્કોવોર્ડના કર્મચારીઓ ભ્રષ્ટાચાર આચરતા હોઈ આ ગૂનામાં તેઓની સંડોવણી જણાતાં શનિવારે સુધીર શાહની અટકાયત કરવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે.

**ડીસા ખાતે બનાસકાંઠા જિલ્લા ગોપાલ સેના દ્વારા ગોપાલક સમાજની મિટિંગ**

ગોપાલ સેના રબારી સમાજ, બનાસકાંઠાની એક અગત્યની મીટીંગ રવિવારે ડીસાની વાઈબ્રન્ટ સ્કૂલ સ્કૂલ ખાતે યોજાઈ હતી જેમાં ડીસા ખાતે સતત આઠમા વર્ષે યોજાનાર ગણપતિ મહોત્સવની ઉજવણી માટે ચર્ચા-વિચારણા કરાઈ હતી. બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા દસ વર્ષથી ગોપાલ સેના અને રબારી સમાજ દ્વારા સામાજિક કાર્યોની સાથે સાથે શૈક્ષણિક તેમજ રક્તદાન જેવી સેવાકીય પ્રવૃતિઓ પણ સંપન્ન થઈ રહી છે. ગોપાલ સેના રબારી સમાજ, બનાસકાંઠાના આદ્યસ્થાપક નરસિંહભાઈ હાથીભાઈ જોટાણા (બાઈવાડા)ના અધ્યક્ષ સ્થાને અને ગફુલભાઈ દેસાઈ (ભુવાજી), ખોડાભાઈ આલ, બળદેવભાઈ રાયકા, ખેંગારભાઈ વરનોડા, લીલાભાઈ ગોઢા, રાજુભાઈ ભુવાજી મોટા, સહિત રબારી સમાજના આગેવાનો અને યુવાનોની વિશેષ ઉપસ્થિતિમાં એક અગત્યની મીટીંગ રવિવારે ડીસાની વાઈબ્રન્ટ સ્કૂલ ખાતે યોજાઈ હતી. જેમાં રબારી સમાજના શિક્ષણ તેમજ અન્ય પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. આ ઉપરાંત સતત આઠ વર્ષે ગણપતિ મહોત્સવની પણ ધામધૂમપૂર્વક ઉજવણી કરવા માટે આયોજન કરાયું હતું. ડીસા ખાતે મળેલી આ બેઠકમાં ગોપાલ સેના,ડીસાના પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ દેસાઈ (ટેકરા) અને ઉપપ્રમુખ તરીકે બાબુભાઈ દેસાઈ (રાયકાનગર) ની વરણી કરાઈ હતી. જ્યારે ધાનેરા તાલુકા પ્રમુખ તરીકે નાગજીભાઈ દેસાઈની વરણી કરાતા નવા પ્રમુખ-ઉપપ્રમુખને તમામે તાળીઓના ગડગડાટ સાથે વધાવી લઈ શુભેચ્છાઓ પાઠવી હતી.

# પાલનપુરના બેચરપુરા વિસ્તારના એક મકાનમાં તસ્કરો ત્રાટક્યા

**૧.૯૮ લાખના મુદ્દામાલની ચોરીની ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા**

પાલનપુર બેચરપુરા વિસ્તારમાં એક મકાનમાં ગુરૂવારની રાત્રીના સમયે તસ્કોરો ત્રાટક્યા હતા.અને મકાનની બારીની ગ્રીલતોડી અંદર પ્રવેશ કરી મકાનમાં પડેલી તિજારીમાંથી રોકડ રકમ રૂ.૧.૯૮ લાખનો મુદ્દામાલ ચોરી પલાયન થઈ ગયા હતા.જેની જાણ મકાન માલીકને થતા પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

બનાસકાંઠામાં લુંટ,ચોરી, મારામારીના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. ત્યારે શુક્રવારે રાત્રે પાલનપુર બેચરપુરાની સ્ટેટ બેંન્ક સોસાયટીની બાજુમાં આવેલ આસોપાલવ સોસાયટીમાં રહેતા યોગેશભાઈ નરસિંહભાઈ પટેલના મકાનની બારીની ગ્રીલતોડી અંદર પ્રવેશ કર્યો હતો.મકાનમાં પડેલી તીજારીનું લોક તોડી તીજારીમાં પડેલ રૂ.૧.૯૮ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.જેની જાણ યોગેશભાઈને થતા પશ્ચિમ પોલીસ મથકે ચોરીની ફરયિાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે ગુનોનોંધી આરોપીઓને ઝડપી લેવા ચક્રોગતીમાન કર્યા છે.આ અંગેની વધુ તપાસ પીએસઆઈ બી.એમ.ચૌધરી ચલાવી રહ્યા છ.

# પ્રાંતિજ ખાતે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજની મુલતવી રાખેલ સામાન્ય સભા યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૦

કડા ખાતે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજની મુલતવી રાખેલ સામાન્ય સભા યોજાઇ હતી. જેમાં સમાજના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

કડા ખાતે આવેલ શેઠ એમ. જે. સર્વોદય હાઈસ્કૂલના વિશાળ હોલમાં તા. ૧૯-૮-૨૦૧૮ને રવિવારના રોજ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજની મુલતવી રાખેલ સામાન્ય સભા યોજાઇ હતી. જેમા સમાજના નવા હોદ્દેદારોની સર્વાનુમતે બંધારણના નિતી નિયમો પ્રમાણે વરણી કરવામાં આવી હતી. જેમાં શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પ્રમુખ તરીકે માલોસણ નિવાસી રાવલ રતિષભાઇ, ઉપપ્રમુખ તરીકે આજોલ નિવાસી રાવલ મહેન્દ્રભાઇ ભીખાલાલ, ઉપપ્રમુખ તરીકે અંબાસર નિવાસી રાવલ ધમેન્દ્રભાઇ ભોગીલાલ, ઉપપ્રમુખ તરીકે આસોડા નિવાસી રાવલ રાજેન્દ્રભાઇ કાન્તીલાલ, મહામંત્રી તરીકે કડા નિવાસી રાવલ શૈલેષભાઇ લક્ષ્મણભાઇ, સહમંત્રી તરીકે હિંમતનગર નિવાસી રાવલ ગેજેન્દ્રભાઇ, રાવલ સુરેશભાઇ આત્મારામ, ખજાનચી તરીકે શાહપુર વડનિવાસી રાવલ પ્રવિણભાઇ શાંન્તીલાલ, યુવા પ્રમુખ તરીકે ગવાડા નિવાસી રાવલ ધવલભાઇ જીતેન્દ્રભાઇ, શિક્ષણ કન્વીનર તરીકે ઉણાદના રાવલ નરહરિભાઇ મોતીરામની નિમણુંક કરવામાં આવી હતી. સહ યુવા પ્રમુખ તરીકે બામોસણા નિવાસી રાવલ જનકભાઇ જયંતિલાલ તથા સહ શિક્ષણ કન્વિનર તરીકે આસોડા નિવાસી રાવલ કલ્પેશ ધીરજલાલની નિમણુંક કરવામાં આવી હતી. આ પ્રસંગે સલાહકાર સમીતીની પણ રચના કરવામાં આવી હતી.

આ પ્રસંગે સમાજના નિવૃત થઇ રહેલ પ્રમુખ સંજયભાઈ રાવલ, શિવશક્તિ મંડળના ચેરમેન સુરેશભાઇ રાવલ, માજી પ્રમુખ કનુભાઇ રાવલ, માજીમંત્રી મહેશભાઇ રાવલ, માજીમંત્રી નર્મદભાઇ રાવલ સમાજ તથા શિવશક્તિ મંડળના હોદ્દેદારો શ્રી બાવીસ ગામમાંથી સમાજના કારોબારી સભ્યો સહિત સમાજના ભાઇઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સમાજના મંત્રી હિતેન્દ્રભાઇ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતુ.

# ઊંઝાથી અંબાજી જતાં યાત્રિકનું અકસ્માતમાં મોત

ઊંઝાથી યાત્રાધામ અંબાજી જવા નીકળેલા પદયાત્રી સંઘમાં સેવા કરવા માટે આવેલા યાત્રિકનું શુકવારે જલોત્રા નજીક માર્ગ અકસ્માતમાં મોત નિપજતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

ઊંઝાથી ૬૦ શ્રધ્ધાળુઓનો સંઘ અંબાજી જવા માટે રવાના થયો હતો. જેમાં ઉંઝાના સુરેશભાઇ દેવચંદભાઇ પટેલ સેવા કરવા માટે આવેલા હતા. દરમિયાન શુકવારે આ સંઘ જલોત્રા ખાતે વિશ્રામ કરી આગળ ધપ્યો હતો. જ્યાં સુરેશભાઇ સ્કુટર ઉપર પસાર થઇ રહ્યા હતા. ત્યારે માર્ગમાં અચાનક કુતરૂ આવી જતાં સ્કુટર સ્લીપ થઇ ગયુ હતુ. જેમાં તેમનું કરૂણ મોત નિપજ્યું હતુ. સુરેશભાઇના મૃતદેહને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડાયો હતો.

# બાઈકચોરી ગુનાના આરોપીનું સાબરતી જેલમાં મોત નિપજ્યું

ત્રણ દિવસ પહેલાં બાઈક ચોરીના આરોપસર પકડાયેલા આરોપીનું સાબરમતી સેન્ટ્રલ જેલમાં શંકાસ્પદ મોત થતાં પોલીસબેડામાં ચકચાર મચી ગઈ છે. તો, સમગ્ર જેલ સંકુલમાં કેદીઓમાં પણ ભારે ચકચાર અને અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. બીજીબાજુ, કાચા કામના કેદીના જેલમાં અચાનક મોતને લઈ મૃતકના પરિવારજનોમાં પણ ભારે નારાજગીની લાગણી ફેલાઈ છે. બેરેકમાં કાચા કામનો કેદી એકાએક બેભાન થઈ જતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને તબીબોએ મૃત જાહેર કર્યો હતો. કેદીના શંકાસ્પદ મોત મામલે જેલ સત્તાધીશો તેમજ શહેર પોલીસ ઢાંકપિછાડો કરી રહ્યા હોવાનો પરિવાજનોએ આક્ષેપ લગાવ્યો હતો. આ અંગ પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના નિકોલ વિસ્તારમાં આવેલ ગરીબ આવાસ યોજનામાં પત્ની અને બે બાળકો સાથે ૪૫ વર્ષિય મોતીલાલ ઘનજીભાઈ નાગર રહે છે અને ચોળાફળી વેચીને પોતાનું ગુજરાન ચાલાવે છે. થોડાક દિવસ પહેલાં પોલીસે મોતીલાલ નાગરની બાઈક ચોરીના આરોપસર ધરપકડ કરી હતી.

## પાલનપુરમાં ઝુલેલાલ ભગવાનના મંદિરની દાનપેટી ચોરાઈ.

પાલનપુર ખાતે સીટીલાઈટ માર્ગ નજીક સિંધી સમાજના ઈષ્ટદેવ શ્રી ઝુલેલાલ ભગવાનનું મંદિર આવેલું છે. જેમાંથી અજાણ્યા શખ્સો દાનપેટી ચોરી ગયા હતા. આ અંગે સમાજના પ્રમુખ તુલસીભાઈ લુહાણાએ જણાવ્યું હતુ કે, સવારે મંદિર ખોલ્યું ત્યારે દાનપેટી ચોરાયેલી હતી. દાનપેટીમાં અંદાજીત રૂપિયા ૨૫ થી ૩૦ હજાર રૂપિયાની રકમ હતી. આ અંગે પોલીસ મથકે જાણવા જોગ માહિતી આપી છે.

# કંપની સમાચાર

**આ રક્ષાબંધને બહેનને ચિંતામુક્ત કરવા શ્રી નંદન કુરિયર લઈને આવી છે ખાસ મિસકોલ સર્વિસ**

રક્ષાબંધનનો તહેવાર આવી ગયો છે અને હવે બહેનોની પોતાના ભાઈને રાખડી પહોંચાડવાની ચિંતાઓ વધી ગઈ છે ત્યારે આ રક્ષાબંધને બહેનોને ભાઈને રાખડી પહોંચાડવાની અને પહોંચી છે કે નહી તેની ચિંતા કરવાની જરૂર નહી રહે. કારણ કે ગુજરાતની નં. ૧ અને એકમાત્ર લિમિટેડ કુરિયર કંપની શ્રી નંદન કુરિયર રક્ષાબંધન માટે લઈને આવી છે સ્પેશ્યલ મિસ કોલ સર્વિસ. સૌથી મહત્વની વાત એ છે કે આ સહિતની વિશિષ્ટ સેવાઓ માટે તેમજ રક્ષાબંધનને ઓછા દિવસો બાકી છે ત્યારે ઈમરજન્સી સહિતના કોઈ પણ વધારાના ચાર્જ ગ્રાહક પાસેથી લેવામાં નહી આવે. રાબેતામુજબના જે કુરિયર ચાર્જિસ છે તે જ ચાર્જિસથી કુરિયર સર્વિસ આપવામાં આવશે.

આ મિસ કોલ સર્વિસમાં બહેન દ્વારા રાખડીનું કુરિયર કર્યા બાદ કંપનીના નંબર ૮૧૪૧૩૩૬૬૬૬ પર મિસકોલ કરીને રાખડી ડિલિવરનીનું લાઈવ સ્ટેટસ જાણી શકશે. બહેન દ્વારા કુરિયર કરતી વખતે કુરિયર બુકિંગમાં રજિસ્ટર્ડ કરાવેલ મોબાઈલ નંબર પરથી માત્ર એક મિસકોલ કરતા જ બહેનને રાખડીનું પેકેટ હાલ ક્યાં છે, ડિલિવરી પ્રોસેસમાં છે કે ડિલીવરી થઈ ગયું છે ? તે તમામ જાણકારી મેસેજમાં આવી જશે. આવી મિસકોલ સર્વિસ માત્ર હાલ બેંકિંગ-ફાઈનાન્સ ઈન્ડસ્ટ્રીટમાં જ છે પરંતુ કુરિયર ઈન્ડસ્ટ્રીમાં આ પ્રકારની મિસકોલ સર્વિસ શરૂ કરનારી શ્રી નંદન કુરિયર ભારતની પ્રથમ કંપની છે. આ ઉપરાંત આ વર્ષે રક્ષાબંધનને લઈને શ્રી નંદન કુરિયર દ્વારા બહેનોને ખાસ શુભેચ્છા સાથેનું ડેકોરેટેડ કવર પણ ફ્રી અપાશે અને જે પણ એક કુરિયર સર્વિસમાં એક નવિનતમ પહેલ છે.

રક્ષાબંધનના તહેવારની ખુશીઓ સાથે ભાઈ-બહેનના સંબંધની ગંભીરતા અને ચિંતાને બખૂબી સમજતી શ્રી નંદન કુરિયર કંપની દ્વારા તેની અનેકવિધ નવિનતમ સેવા સાથે આ રક્ષાબંધનને લઈને ખાસ તૈયારી તકેદારીઓ રખાઈ છે અને રક્ષાબંધનને લઈને રવિવારે પણ ડિલીવરી સર્વિસ ચાલુ રખાશે. શ્રી નંદન કુરિયરની ૨૧ રાજ્યની તમામ ૭૨૫ થી વધુ બ્રાંચો રવિવારે ખુલ્લી રહેશે.

**ડેંગી ડમ્સ લિ. આઈપીઓ મારફતે ૨૦.૦૭ કરોડ ઉભા કરશે**

પ્રિમિયર અને ડિઝાઈનર કેક અને પેસ્ટ્રીઝની ઉત્પાદક, અમદાવાદની ડેંગી ડમ્સ લિમિટેડ રૂ. ૧૦ની કિંમતનો એક એવા ૨૭,૧૨,૦૦૦ (૨૭.૧૨ લાખ) ઈક્વિટી શેર રૂ. ૭૪ની ફિક્સ કિંમતે ઓફર કરીને ઈનિશ્યલ પબ્લિક ઓફર (આઈપીઓ) સાથે મૂડી બજારમાં પ્રવેશી રહી છે. કંપની ગુજરાતના મુખ્ય શહેરોમાં ૮૧ ડેડીકેટેડ રિટેઈલ આઉટલેટ મારફતે તેની કામગીરી કરી રહી છે.

કંપની સ્થિર અસ્કયામતોની ખરીદી કરવા ઉપરાંત તેના સિક્યોર્ડ લેણદારોને ચૂકવણી કરવા અને જનરલ કોર્પોરેટ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે આ ભરણુ લાવી રહી છે. ડેંગી ડમ્સ લિમિટેડ એસએમઈ આઈપીઓ વડે રૂ. ૨૦.૦૭ કરોડની રકમ ઉભી કરવા માંગે છે. આઈપીઓનું લીસ્ટીંગ નેશનલ સ્ટોક ઈમેર્જ પ્લેટફોર્મ ઉપર થશે.

આ ભરણા તા. ૨૦ ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ ખુલી રહ્યું છે અને તા. ૨૪ ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ બંધ થશે. મિનિમમ લોટ સાઈઝ ૧૦૦૦ રિટેઈલ સેરની રહેશે. હાઈ નેટવર્થ ઈન્ડીવિડ્યુઅલ્સ (એચએનઆઈ) માટે ૩૨૦૦ રિટેઈલ શેર અને વધુ શેર માટે ૧૦૦૦ શેરના ગુણાંકમાં રહેશે. આ ભરણામાં ૨૬.૪૨ ટકા જેટલી પોસ્ટ ઈસ્યુ પેઈડ-અપ કેપિટલનો સમાવેશ થાય છે.

## મજબૂત ઓળખ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશના લોકો માટે જ જીવ્યા હતા. સામાન્ય લોકો માટે કામ કર્યુ હતુ. મોદીએ કહ્યુ હતુ કે જ્યારે અટલ બિહારી વાજપેયીએ રાજનીતિની શરૂઆત કરી ત્યારે તે કાળમાં રાજનીતિની મુખ્ય ધારાની નજીક કોઇ વિચારધારા દુર દુર સુધી દેખાતી ન હતી. દેશમાં રાજનીતિ લાંબા સમય સુધી અસ્પૃશ્યતાની જાળમાં રહી હતી. વારંવાર અપમાનિત કરવામાં આવ્યા હોવા છતાં વાજપેયી સતત સક્રિય રહ્યા હતા. રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ હોવાના કારણે તેઓ સતત સક્રિય રહ્યા હતા. શુન્યમાં સૃષ્ટિનુ નિર્માણ કઇ રીતે થઇ શકે છે તે બાબત વાજપેયીએ તમામને દર્શાવી હતી. મોદીએ કહ્યું હતું કે, અટલ માત્ર નામના જ અટલ ન હતા. વ્યવહારમાં પણ અટલ ભાવ તેમનામાં દેખાતા હતા. ૧૧મી મે ૧૯૯૮માં પોખરણ પરીક્ષણ કરીને ભારતે સમગ્ર દુનિયાને ચોંકાવી દીધા હતા. દેશમાં આ પરમાણુ પરીક્ષણની તૈયારી દશકોથી થઇ રહી હતી પરંતુ પરમાણુ પરીક્ષણ કરવામાં સફળતા મળી રહી ન હતી. અટલના અટલ નિર્ણયના લીધે જ આ બાબત શક્ય બની હતી. ૧૧મી મેને અમારા દેશમાં વૈજ્ઞાનિકોએ અભૂતપૂર્વ સિદ્ધિ હાસલ કરી હતી. અટલે પણ આ સિદ્ધિ વૈજ્ઞાનિકોને સમર્પિત કરી હતી. સમગ્ર વિશ્વએ ભારત ઉપર પ્રતિબંધ મુકી દીધા હતા. દુનિયાના મોટાભાગના દેશ અમારી સામે આવી ગયા હતા. તે વખતે પણ અમારુ વલણ ખુબ મજબૂત રહ્યું હતું પરંતુ અટલ બિહારી વાજપેયીએ ૧૩મી મેના દિવસે બીજી વખત પરમાણુ પરીક્ષણ કરીને વિશ્વને પડકાર ફેંકી દીધા હતા અને દર્શાવી દીધું હતું કે ભારત અટલ છે. તે ઝુંકનાર નથી.

## ગોલ્ડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળતા મેળવી છે. લક્ષ્ય શેરોને પુરુષોની ટ્રેક સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. લક્ષ્ય ૪૩-૫૦ના સ્કોર સાથે બીજા સ્થાને રહ્યો હતો. જ્યારે ભારત તરફથી માનવજીતસિંહ સંધૂને ચોથા સ્થાન ઉપર રહેવાની ફરજ પડી હતી. ચીની તાઈપેઇના યાંગે ગોલ્ડ મેડલ જીત્યો હતો. લક્ષ્યની જીત બાદ સ્ટેડિયમમાં ભારત માતા કી જયના નારા લાગ્યા હતા. તે પહેલા ભારતના દિપક કુમારે આજે એશિયન ગેમ્સ ૨૦૧૮માં ભારતને સિલ્વર મેડલ અપાવવામાં સફળતા હાંસલ કરી હતી. ૩૦ વર્ષીય દિપકે ૧૦ મીટર એર રાઈફલમાં સિલ્વર મેડલ જીતીને ભારતને મોટી સફળતા અપાવી હતી. દિપક ૨૪૭.૭ પોઈન્ટ સાથે બીજા સ્થાને રહ્યો હતો. ચીનના હોરન યેંગે રેકોર્ડ ૨૪૯.૧ પોઈન્ટની સાથે ગોલ્ડ મેડલ જીતી લેવામાં સફળતા મેળવી હતી. ભારત તરફથી રવિ કુમાર અને દિપક કુમાર બંનેએ ફાઈનલમાં જગ્યા બનાવી હતી. વર્તમાન એશિયન ગેમ્સમાં ભારતે ત્રણ ચન્દ્રકો જીત્યા છે. સ્ટાર રેસલર બજરંગ પુનિયાએ ગઈકાલે રવિવારના દિવસે ભારતને પ્રથમ સુવર્ણ ચંદ્રક અપાવવામાં સફળતા મેળવી હતી. પુરુષોની ૬૫ કિલોગ્રામ સ્પર્ધાની ફાઈનલમાં જાપાનના દાયચીને ૧૧-૮થી હરાવીને એશિયન ગેમ્સના પ્રથમ દિવસે જ ભારતને સુવર્ણ ચંદ્રક અપાવ્યું હતું. બજરંગે એશિયન ગેમ્સ ૨૦૧૪માં રજત ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી.

## આપનો ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યુપીની દિલ્હી સાથે જોડાયેલી કેટલીક સીટો પર ધ્યાન આપનાર છે. મધ્યપ્રદેશની કેટલીક સીટો પર લડવાની પણતેની યોજના છે. પાર્ટી માને છે કે તેની ટક્કર દિલ્હી, પંજાબ અને હરિયાણામાં કોંગ્રેસ પાર્ટી સાથે છે. પાર્ટીના લોકો માને છે કે તેમને કોઇ ગઠબંધનની જરૂર દેખાઇ રહી નથી. પાર્ટી ભાજપ સામે એકલા હાથે લડી શકે છે.

## નિરવ મોદી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નવ હજાર કરોડ રૂપિયા લઇને તે બેંકોને પરત આપી રહ્યો નથી. શરાબ કારોબારી વિજય માલ્યા પણ હાલમાં બ્રિટનમાં જ છુપાયેલો છે. પંજાબ નેશનલ બેંક કોંભાડના આરોપી મેહુલ ચોકસી હાલમાં એન્ટીગુઆમાં છે. તે રોકાણ મારફતે ત્યાંની નાગરિકતા હાંસલ કરી ચુક્યો છે. મેહુલ ચોકસીના પ્રત્યાર્પણ માટેના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. પીએનબી કોંભાડનો પર્દાફાશ થતા પહેલા નીરવ મોદી અને મેહુલ ચોકસી આ વર્ષે જાન્યુઆરીમાં દેશ છોડીને જતા રહ્યા હતા. બંને આરોપીને ભારત પરત લાવવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પંજાબ નેશનલ બેંકની સાથે ૧૪૬૦૦ કરોડ રૂપિયાના કોંભાડમાં બંને આરોપી રહેલા છે. આ મામલો ખુબ સંવેદનશીલ છે. નિરવ મોદીના મામલામાં સીબીઆઇ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. સીબીઆઈના અધિકારીઓના કહેવા મુજબ બ્રિટનના સત્તાવાળાઓ દ્વારા પણ અહેવાલને સમર્થન આપી દેવામાં આવ્યું છે. અધિકારીએ કહ્યું છે કે, સીબીઆઈએ આજે કેન્દ્રીય ગૃહમંત્રાલયને પ્રત્યાર્પણ વિનંતી મોકલી દીધી છે.

## ભાવુક બન્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ આજે જેવી સભામાં ક્યારે સંબોધન કરશે તેવું ક્યારે વિચાર્યું ન હતું. આજે જ્યારે એવી સભા છે જેમાં વાજપેયી ઉપસ્થિત નથી. એવી સભાને તેમને સંબોધન કરવાની ફરજ પડી રહી છે